नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम- २९

# संस्तारक

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૯

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૨૯) સંસ્તારક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |

# આગમસૂત્ર- ૨૯ ‘સંસ્તારક’

## પ્રકીર્ણક સૂત્ર– ૬ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ અને સંથારગના ગુણો | ૦૬ | ૩ | સંથારગના દૃષ્ટાંતો | ૦૯ |
| ૨ | સંથારગનું સ્વરૂપ અને લાભો | ૦૮ | ૪ | ભાવના | ૧૧ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | **09** |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | **02** |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | **04** |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | **03** |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | **06** |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans॰ | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | **01** |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | **01** |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | **[12]** | | **आगम साहित्य- कुल पुस्तक** | **518** |
| 3 | **आगम विवेचन साहित्य:-** | **171** | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | **13** |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | **06** |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | **05** |
| | -4- **आगम चूर्णि साहित्य** | **[09]** | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | **04** |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | **[40]** | 5 | જિનભક્તિ સાહિત્ય- | **09** |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | **04** |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | **03** |
| 4 | **आगम कोष साहित्य:-** | **16** | 8 | પરિચય સાહિત્ય- | **04** |
| | -1- **आगम सद्दकोसो** | **[04]** | 9 | પૂજન સાહિત્ય- | **02** |
| | -2- **आगम कहाकोसो** | **[01]** | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | **25** |
| | -3- **आगम-सागर-कोष:** | **[05]** | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)** | **[04]** | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | **05** |
| | **-5- आगम बृहत् नाम कोष:** | **[02]** | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય (કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૨૯] સંસ્તારક

## પ્રકીર્ણકસૂત્ર–૬– ગુજરાતી ભાવાનુવાદ

ગાથા–૧

જિનેશ્વર વૃષભ વર્ધમાનને નમસ્કાર કરીને સંસ્તારકના સ્વીકારથી પ્રાપ્ત થતી ગુણોની પરિપાટીને હું કહીશ.

ગાથા–૨

ખરેખર આ આરાધના, સુવિહિત પુરુષોના આ મનોરથો તેમની જીવન પર્યન્તની બધી આરાધનાઓની પતાકાના સ્વીકાર રૂપ આ આરાધના છે.

ગાથા–૩

દરિદ્ર પુરુષો ધન-ધાન્યમાં આનંદ પામે, મલ્લપુરુષો જય પતાકા મેળવવામાં ગૌરવ લે, તેના અભાવમાં અપમાન તથા દુર્ધ્યાન પામે છે, તેમ સુવિહિતો સંથારામાં તે બંને પામે છે.

ગાથા–૪

સર્વ ઉત્તમ પુરુષોમાં જેમ પુરુષવર પુંડરીક અરિહંત, પુરુષોને વિશે સિંહ સમાન છે, સર્વ સ્ત્રીઓમાં જેમ ભગવંતની માતા જય પામે છે–

ગાથા–૫

મણિમાં જેમ વૈડૂર્ય રત્ન, સુગંધમાં જેમ ગોશીર્ષ ચંદન, રત્નોમાં જેમ વજ્ર છે, તેમ સુવિહિતોને સંથારાની આરાધના શ્રેષ્ઠતર છે.

ગાથા–૬ થી ૮

૬. વંશોમાં જેમ જિનેશ્વરનો વંશ શ્રેષ્ઠ છે, સર્વકુલોમાં જેમ શ્રાવકનું કુળ શ્રેષ્ઠ છે, ગતિમાં જેમ સિદ્ધિ ગતિ શ્રેષ્ઠ છે, તેમ સર્વ સુખોમાં મુક્તિ સુખ શ્રેષ્ઠ છે.

૭.ધર્મોમાં જેમ અહિંસા શ્રેષ્ઠ છે, લોકવચનમાં જેમ સાધુવચન શ્રેષ્ઠ છે, શ્રુતિમાં જેમ જિનવચન શ્રેષ્ઠ છે, શુદ્ધિમાં જેમ સમ્યક્ત્વ શ્રેષ્ઠ છે.

૮. તેમ આ આરાધના કલ્યાણકર, અભ્યુદય હેતુ, ત્રણ ભવનમાં દેવતાને પણ દુર્લભ છે. બત્રીશે દેવેન્દ્રો પણ તેનું એક મનથી ધ્યાન કરે છે.

ગાથા–૯

હે વિનેય ! જિનવર કથિત પંડિતમરણને તેં મેળવ્યુ. તેથી નિ:શંક કર્મમલ્લને હણી, તેં સિદ્ધિની પ્રાપ્તિરૂપ જય પતાકા મેળવી છે.

ગાથા–૧૦

જેમ ધ્યાનોમાં પરમશુક્લ ધ્યાન છે, જ્ઞાનોમાં જેમ કેવળજ્ઞાન છે, સર્વ પ્રકારના ચારિત્રોમાં જેમ યથાખ્યાત ચારિત્ર ક્રમશ: મોક્ષનુ કારણ છે,તેમ આ પંડિતમરણ પણ મોક્ષનુ કારણ છે.

ગાથા–૧૧, ૧૨

૧૧. શ્રામણ્ય એ સર્વોત્તમ લાભોમાં શ્રેષ્ઠ લાભ મનાય છે. જેના યોગથી પરમ ઉત્તમ તીર્થંકરત્વ, પરમગતિ, પરમ સિદ્ધિ પમાય છે.

૧૨. વળી પરલોકરત અને ક્લિષ્ટ કર્મીઓને તેનું મૂળ સંયમ છે, તેમ સર્વોત્તમ પ્રધાન શ્રામણ્ય જ મનાય છે.

ગાથા–૧૩ થી ૧૫

૧૩. સર્વ લેશ્યામાં જેમ શુક્લલેશ્યા, સર્વે નિયમોમાં જેમ બ્રહ્મચર્યવાસ, ગુણોમાં જેમ ગુપ્તિ અને સમિતિ છે તેમ શ્રામણ્ય સર્વ ગુણોમાં પ્રધાન છે.

૧૪. સર્વ ઉત્તમ તીર્થોમાં જેમ તીર્થંકર પ્રકાશિત તીર્થ, સર્વે અભિષેકોમાં જેમ દેવોએ કરેલ અભિષેક છે, તેમ સુવિહિતોને માટે સંથારાની આરાધના શ્રેષ્ઠતર છે.

૧૫. શ્વેત કમળ, પૂર્ણકળશ, સ્વસ્તિક, નંદ્યાવર્ત, સુંદર ફૂલમાળા, એ બધી માંગલિક વસ્તુઓ કરતા પણ સંથારો અધિકતર મંગલ છે.

ગાથા–૧૬, ૧૭

૧૬. તપરૂપ અગ્નિથી (કર્મકાષ્ઠ બાળતા), નિયમ પાલનમાં શૂર, સમ્યગ્‌જ્ઞાનથી વિશુદ્ધ પરિણતિવાળા, સંથારારૂપ હાથી ઉપર આરૂઢ થઈ સુખપૂર્વક પાર પામે છે.

૧૭. આ સંથારો પરમ આલંબન, ગુણોનું નિવાસ સ્થાન, કલ્પ-આચારરૂપ છે તથા સર્વોત્તમ તીર્થંકર પદ, મોક્ષગતિ, સિદ્ધ દશાનું મૂળ કારણ છે.

ગાથા–૧૮ થી ૨૦

૧૮. તમે જિનવચનરૂપ અમૃતથી વિભૂષિત શરીર પ્રાપ્ત કર્યું છે. તારા ભવનને વિશે ધર્મરત્નને આશ્રીને રહેનારી વસુધારા પડેલી છે. કેમ કે જગતમાં મેળવવા યોગ્ય સઘળું મેળવ્યું છે.

૧૯. સંથારા આરાધનાથી તેં જિનપ્રવચનમાં સારી ધીરતા રાખી છે, તેથી ઉત્તમપુરુષોથી સેવ્ય અને પરમ દિવ્ય કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરી છે, જે આર્ય પુરુષોએ કરેલી છે.

૨૦. તથા સમ્યક્ જ્ઞાન-દર્શનરૂપ સુંદર રત્નોથી મનોહર, વિશિષ્ટ પ્રકારના જ્ઞાનરુપ, પ્રકાશથી શોભાને ધરનાર, ચારિત્ર, શુદ્ધ શીલ વગેરે યુક્ત ત્રણ રત્નની માળા તમે પામ્યા છો.

ગાથા–૨૧

સુવિહિત પુરુષો જેના યોગે ગુણ પરંપરા પામે છે, તે સંથારાને સત્પુરુષો પામે છે. તે આત્માઓ જગતમાં સારભૂત જ્ઞાન આદિ રત્નોથી પોતાની શોભા વધારે છે.

ગાથા–૨૨

સર્વ જીવલોકમાં ઉત્તમ અને સંસાર સાગરના પારને આણનાર, એવા તીર્થને તમે પામેલ છો, તેમાં સ્નાન કરીને મુનિવરો અનુત્તર એવા નિર્માણને પામે છે.

ગાથા–૨૩

આશ્રવ, સંવર, નિર્જરા ત્રણે પણ અર્થો જે તીર્થમાં સમાહિત છે, તથા શીલ, વ્રત બદ્ધ સોપાનો જેમાં છે, જેનો માર્ગ સારી રીતે વ્યવસ્થિત છે, તે જિનપ્રણિત તીર્થ કહેવાય છે.

ગાથા–૨૪ થી ૨૬

૨૪. પરીષહની સેનાનો ભંગ કરીને, ઉત્તમ સંયમ બળથી સંયુક્ત, કર્મથી મુક્ત બનીને અનુત્તર, અનામત, અવ્યાબાધા અને અખંડ એવા નિર્વાણ સુખને પામે.

૨૫. સંથારા આરાધનાથી તેં ત્રણ ભુવનના રાજ્યમાં કારણરૂપ સમાધિ સુખ મેળવેલ છે, સર્વ સિદ્ધાંતોમાં વિશાળ ફળનું કારણ એવા સંથારા રૂપ રાજ્યાભિષેકને પણ લોકમાં મેળવેલ છે.

૨૬. આથી મારું મન આજે અવર્ણ્ય આનંદને અનુભવે છે. કેમ કે મોક્ષના સાધનરૂપ ઉપાય અને પરમાર્થના

નિસ્તારના માર્ગરૂપ સંથારાને મેં પ્રાપ્ત કરેલ છે.

ગાથા–૨૭

દેવલોકમાં ઘણા પ્રકારે દેવતાના સુખને ભોગવતા દેવો પણ, જિન કથિત સંથારાને ચિંતવતા આસન, શયન આદિ સર્વ વ્યાપાર ત્યજી દે છે.

ગાથા–૨૮, ૨૯

૨૮. ચંદ્ર સમાન પ્રેક્ષણીય, સૂર્યવત્ તેજથી દીપ્ત તે, ધનવાન, ગુણવાન, મહાહિમવંતની જેમ વિખ્યાત,

૨૯. ગુપ્તિ-સમિતિ યુક્ત, સંયમ-તપ-નિયમ-યોગમાં ઉપયોગશીલ એવા શ્રમણ દર્શન જ્ઞાનમાં અનન્ય મનવાળા તથા સમાધિ યુક્ત થાય છે.

ગાથા–૩૦

પર્વતોમાં જેમ મેરુ, સમુદ્રમાં જેમ સ્વયંભૂરમણ, તારામાં જેમ ચંદ્ર છે તેમ સુવિહિતોને સંથારા આરાધના છે.

ગાથા–૩૧ થી ૩૪

૩૧. કેવા સાધુપુરુષ માટે આ સંથારાની આરાધના કઈ રીતે વિહિત છે ? કેવા આલંબનથી આ આરાધના કરવી ? તે હવે હું જાણવાને ઇચ્છું છું.

૩૨. જેના મન, વચન, કાયાના શુભ યોગો સીદાતા હોય, જરા અને વિવિધ આતંકો જેને હોય, તે સંથારા આરૂઢ થાય, તેનો સંથારો સુવિશુદ્ધ છે.

૩૩. જે ગૌરવથી ઉન્મત્ત બની, ગુરુ પાસે આલોચના લેવા ઇચ્છતો નથી, તે સંથારા આરૂઢ થાય તો તેને સંથારો અવિશુદ્ધ છે.

૩૪. પણ જે પાત્રભૂત થઈ, ગુરુ સમીપે આલોચના કરે છે, તે સંથારા આરૂઢ થાય તો તેનો સંથારો સુવિશુદ્ધ ગણાય છે.

ગાથા–૩૫ થી ૩૯

૩૫. વળી જેનું સમ્યક્ દર્શન મલિન છે, શિથિલ ચારિત્રથી શ્રામણ્ય પાલન કરે છે. તે સાધુની સંથારા આરાધના અવિશુદ્ધ છે.

૩૬. વળી જેનું સમ્યક્ દર્શનશુદ્ધ છે, જેનિરતિચાર ચારિત્રથી શ્રામણ્ય પાલન કરે છે. તથા...

૩૭. જે રાગદ્વેષ રહિત, ત્રણ ગુપ્તિ ગુપ્ત, ત્રણ શલ્ય અને મદથી રહિત છે.

૩૮. ત્રણ ગારવથી રહિત, ત્રણ દંડને ત્યજી દેનાર, જેની કીર્તિ વિસ્તાર પામી છે તેવા.

૩૯. ચતુર્વિધ કષાયને હણનાર, ચાર વિકથાથી નિત્ય વિરહિત છે. તેની સંથારાની આરાધના વિશુદ્ધ છે.

ગાથા–૪૦ થી ૪૩

૪૦. પાંચ મહાવ્રતના પાલનમાં તત્પર, પાંચ સમિતિમાં સારી રીતે ઉપયુક્ત.

૪૧. છકાય જીવની હિંસાથી પ્રતિવિરત, સાત ભયસ્થાન રહિત મતિવાળો.

૪૨ આઠ મદસ્થાનને તજનાર, આઠ કર્મોના ક્ષયને માટે. તથા

૪૩. નવ બ્રહ્મચર્ય ગુપ્તિમાં ઉદ્યત, દશવિધ શ્રમણધર્મના નિર્વાહક ની સંથારા આરાધના સુવિશુદ્ધ છે.

ગાથા–૪૪, ૪૫

૪૪. ઉત્તમાર્થમાં યુક્ત, કષાયના લાભને મર્દિત કરનાર, વિકારથી રહિત એવા સંથારા આરૂઢ શ્રમણને કેવો લાભ થાય ? તે કહો.

૪૫. કષાયોને જીતનાર તથા સર્વ વિષય–વિકાર રહિત ક્ષેપકને સંથારા આરાધનાથી કેવું સુખ થાય ?

ગાથા–૪૬ થી ૪૮

૪૬. સંથારાગત ક્ષેપકને પહેલા દિવસે જે અમૂલ્ય લાભ થાય, તેનું મૂલ્ય આંકવાને કોણ સમર્થ છે ?

૪૭. કેમ કે તે અવસરે તે મહામુનિ સંખ્યેય ભવસ્થિતિક સર્વે કર્મોને પ્રત્યેક સમયે ખપાવે છે. તેથી તે ક્ષપક સાધુ વિશિષ્ટ શ્રમણગુણને પામે છે.

૪૮. ત્યારે તૃણ સંથારે આરૂઢ થવા છતા રાગ-મદ-મોહથી મુક્ત હોવાથી તે મુનિવર જે અનુપમ મુક્તિ સુખને પામે છે, તે ચક્રવર્તીને પણ ક્યાંથી પ્રાપ્ત થાય ?

ગાથા–૪૯, ૫૦

૪૯. વૈક્રિય લબ્ધિથી પોતાના પુરુષ રૂપોને વિકુર્વી દેવતાઓ જે નાટકો કરે છે, તેમાં તેઓ તે આનંદ મેળવી શકતા નથી, જે જિનવચનમાં રક્ત સંથારા આરૂઢ મહર્ષિ મેળવે છે.

૫૦. રાગ-દ્વેષમય પરિણામે કટુ જે વૈષયિક સુખોને ચક્રવર્તી અનુભવે છે, તે સંગદશાથી મુક્ત, વીતરાગ સાધુ ન અનુભવે (તેઓ કેવળ આત્મરમણતાના સુખ અનુભવે છે.)

ગાથા–૫૧, ૫૨

૫૧. મોક્ષ સુખ પ્રાપ્તિ માટે જૈન શાસનમાં વર્ષ ગણના નથી કે તેમાં વર્ષો ગણાતા નથી. કેમ કે ઘણા ગચ્છવાસી જીવો પણ જન્મ-મરણરૂપ સંસાર–સાગરમાં ડૂબી ગયા છે.

૫૨. જે આત્માઓ અંતિમકાળે પણ સમાધિપૂર્વક સંથારામાં આરૂઢ થાય, તેઓ પાછલી અવસ્થામાં પણ સ્વ હિતને સાધી શકે છે.

ગાથા–૫૩

સૂકા ઘાસનો સંથારો કે જીવ રહિત પ્રાસૂક ભૂમિ જ અંતિમ આરાધનાનું કારણ નથી. પણ નિશ્ચે વિશુદ્ધ-ચારિત્ર પાલનમાં ઉપયોગશીલ આત્મા જ સંથારારૂપ છે.

ગાથા–૫૪

દ્રવ્યથી સંલેખના સ્વીકારવા તત્પર, ભાવથી કષાયના ત્યાગ દ્વારા રુક્ષ એવો આત્મા સદા અપ્રમત્ત હોવાથી તે યથાખ્યાત ચારિત્રીને કોઈપણ ક્ષેત્ર કે કોઈપણ કાળમાં સંથારો છે.

ગાથા–૫૫

વર્ષાકાળમાં અનેક પ્રકારના તપો સારી રીતે કરીને, હેમંત ઋતુમાં સર્વ અવસ્થાને વિશે સંથારામાં આરૂઢ થાય.

ગાથા–૫૬, ૫૭

પોતનપુરમાં પુષ્પચૂલા આર્યાના ધર્માચાર્ય અર્ણિકાપુત્ર નામે પ્રસિદ્ધ હતા, તે ગંગા નદી ઊતરતા હતા ત્યારે લોકોએ એકદમ નાવમાંથી ઊતારી દીધા, ત્યારે અર્ણિકાપુત્ર આચાર્યએ ઉત્તમાર્થ સ્વીકારીને મરણ આરાધ્યુ.

ગાથા–૫૮ થી ૬૦

૫૮. કુંભકાર નગરમાં દંડકરાજાના પાલકમંત્રીએ, સ્કંદકકુમાર દ્વારા વાદમાં પરાજિત થવાથી, ક્રોધવશ બની,

૫૯. માયાપૂર્વક-પંચ મહાવ્રતયુક્ત એવા સ્કંદકસૂરિ આદિ ૫૦૦ નિર્દોષ સાધુને યંત્રમાં પીલી નાંખ્યા,

૬૦. મમતા રહિત, અહંકારથી પર, સ્વશરીરમાં અપ્રતિબદ્ધ એવા ૪૯૯ મહર્ષિ પુરુષોએ તે રીતે પીલાવા છતા સંથારો સ્વીકારી આરાધક ભાવમાં રહીને મોક્ષ પામ્યા.

ગાથા–૬૧, ૬૨

૬૧. દંડ નામે પ્રખ્યાત રાજર્ષિ કે જે પ્રતિમાધારક હતા, તેઓ યમુનાવક્ર નગરે પ્રતિમા ધરી રહેલા, યવન રાજાએ તેમને બાણથી વીંધ્યા,

૬૨. પછી જિનવચનમાં નિશ્ચિત મતિવાળા, પોતાના શરીરમાં પણ અપ્રતિબદ્ધ એવો તે ચવન રાજા પણ તે રીતે જ વિંધાયો છતાં તેઓએ (સંથારો સ્વીકારી) ઉત્તમાર્થને સાધ્યો.

### ગાથા–૬૩, ૬૪

૬૩. સાકેતપુરમાં શ્રીકીર્તિધર રાજાના પુત્ર સુકોશલ ઋષિ હતા. ચાતુર્માસના પારણાના દિવસે પર્વત ઉપરથી ઊતરતી વેળા પૂર્વ જન્મની માતા એવી વાઘણ વડે ખવાયા.

૬૪. છતાં ત્યારે ગાઢપણે ધીરતાપૂર્વક પોતાના પ્રત્યાખ્યાનમાં ઉપયોગવંત રહ્યા. તે પણ તે રીતે વાઘણ વડે ખવાયા છતાં ઉત્તમાર્થને સ્વીકાર્યો.

### ગાથા–૬૫, ૬૬

૬૫. ઉજ્જૈની નગરીમા અવંતીસુકુમાલ નામે વિખ્યાત હતા. સ્મશાનમાં પાદપોપગમન અનશન સ્વીકારી એકલા રહ્યા.

૬૬. રોષાયમાન શિયાલણી વડે રાત્રિના ત્રણ પ્રહર ખવાયા છતાં ઉત્તમાર્થને સ્વીકાર્યો.સમાધીમરણ પામ્યા.

### ગાથા–૬૭ થી ૬૯

૬૭. જલ્લ-મલ-પંકધારી, શીલ-સંયમ ગુણના આધારરૂપ, તે સુવરણગ્રામનાં ગીતાર્થ શ્રી કાર્તિકાર્ય ઋષિનો દેહ અજીર્ણ રોગથી પીડાતો હોવા છતા સદાકાળ સમાધિ ભાવમાં રમણ કરતા...

૬૮. તેમને રોહિતક નગરમાં પ્રાસુક આહાર ગવેષણા કરતા, કોઈ પૂર્વવૈરી ક્ષત્રિયે શક્તિના પ્રહારથી વીંધ્યા.

૬૯. દેહ ભેદાયો હોવા છતાં તેમણે એકાંત અને તાપ રહિત વિશાળ ભૂમિ ઉપર ઉત્તમાર્થની સાધના કરી, પોતાના દેહનો ત્યાગ કર્યો.

### ગાથા–૭૦ થી ૭૨

૭૦. પાટલીપુત્ર નગરમાં ચંદ્રગુપ્ત નામે રાજાનો ધર્મસિંહ નામે મિત્ર હતો. ચંદ્રગુપ્ત રાજાની લક્ષ્મી ત્યજીને દીક્ષા લીધી.

૭૧. જિનધર્મે સ્થિત એવા તે કોલ્લપુર નગરે અનશન સ્વીકાર્યું. ગૃદ્ધપૃષ્ઠ પચ્ચક્ખાણને શોકરહિતપણે કર્યું.

૭૨. હજારો તિર્યંચો વડે શરીર ખવાયું છતાં, તેણે દેહ મમત્વ ત્યજીને તે ભિન્નદેહીએ ઉત્તમાર્થ સાધ્યો.

### ગાથા–૭૩ થી ૭૫

૭૩. પાટલીપુત્ર નગરમાં ચાણક્ય નામે પ્રસિદ્ધ મંત્રી હતો. સર્વ પ્રકારના પાપરંભથી નિવૃત્ત થઈ ઇંગિની મરણને સ્વીકાર્યું.

૭૪. પૂર્વના વૈરી શત્રુએ અનુકૂળ પૂજાના બહાને તેના દેહને સળગાવ્યો. તે એ રીતે બળાવા છતાં ઉત્તમાર્થને સ્વીકારીને રહ્યા.

૭૫. તેઓ ત્યાં પાદપોપગમન અનશન સ્વીકારીને રહેલા ત્યારે સુબંધુએ છાણા વડે સળગાવેલા હતા. એ રીતે બળતા તે ચાણક્ય મુનિએ ઉત્તમાર્થ સાધ્યો.

### ગાથા–૭૬ થી ૭૮

૭૬. કાકંદી નગરીમાં અમૃતઘોષ નામે રાજા હતો. તેણે પોતાના પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

૭૭. સૂત્ર અને અર્થમાં કુશળ તથા શ્રુતના રહસ્યને પામનાર એવા તે રાજર્ષિ શોકરહિત પણે પૃથ્વી ઉપર વિચરતા કાકંદી નગરી પધાર્યા.

૭૮. ત્યાં ચંડવેગ નામના વૈરીએ તેમના શરીરને શસ્ત્રપ્રહારથી છેદ્યુ. શરીર છેદાઈ રહ્યું છે તેવા અવસરે પણ તે મહર્ષિ સમાધિભાવમાં સ્થિર રહ્યા, ઉત્તમાર્થ સાધ્યો.

ગાથા-૭૯, ૮૦

૭૯. કૌશાંબી નગરીમાં લલિતઘટા બત્રીશ પુરુષો પ્રખ્યાત હતા. શ્રુતના રહસ્યને પામીને તે બત્રીશે પાદપોપગમન અનશન સ્વીકાર્યું. અકસ્માત નદીના પૂરથી તણાતા તેઓ દ્રહ મધ્યે તણાઈ ગયા.

૮૦. તેઓએ શરીરમાં નિર્મમત્વી બનીને જલદ્રહની મધ્યમાં પણ ઉત્તમાર્થને સ્વીકાર્યો. સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કર્યું.

ગાથા-૮૧ થી ૮૪

૮૧. કુણાલ નગરમાં વૈશ્રમણદાસ નામે રાજા હતો. તેને રિષ્ઠ નામે મંત્રી હતો, જે મિથ્યાદષ્ટિ અને દુરાગ્રહ વૃત્તિવાળો હતો.

૮૨. તે નગરમાં મુનિવર વૃષભ, ગણિપિટકધર, સમસ્ત શ્રુતસાગરના પારગ, ધીર, ઋષભસેન નામે આચાર્ય પધાર્યા. તેમને સિંહસેન નામે ગણધર હતા, જે વિવિધ શાસ્ત્રાર્થ રહસ્યના જ્ઞાતા હતા,

૮૩. તેની સાથે રિષ્ટમંત્રી વાદમાં પરાજિત થતા રોષવાળો થયો. પછી તે અનુકંપા વગરના એ સુવિહિત અને પ્રશાંત એવા સિંહસેન મુનિને અગ્નિથી સળગાવી દીધા. તે રીતે ત્યાં બળતા હોવા છતાં તેમણે ઉત્તમાર્થને સાધ્યો. સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કર્યું.

ગાથા-૮૪

હસ્તિનાગપુરમાં કુરુદત્ત કુમારે સ્થવિરો પાસે દિક્ષા સ્વીકારી. કોઈ અવસરે નગરના ઉદ્યાનમાં તેઓ કાયોત્સર્ગ ધ્યાને ઉભા હતા, ત્યાં નિર્દોષ એવા તેઓને ગોપાલોએ શાલ્મલી વૃક્ષના લાકડાની જેમ અગ્નિ વડે બાળી નાંખ્યા. બાળતા એવા તેણે ઉત્તમાર્થ સાધ્યો. સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કર્યું.

ગાથા-૮૫

ચિલાતિપુત્ર મુનિને તેઓ કાયોત્સર્ગ ધ્યાને રહેલા હતા ત્યારે, કીડીઓએ તેમના શરીરને ચાલણી માફક કરી નાંખ્યુ. તે રીતે શરીર ખવાતું હોવા છતા તેઓએ ઉત્તમાર્થને સાધ્યો. સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કર્યું.

ગાથા-૮૬

ગજસુકુમાલ મુનિ નગરના ઉદ્યાનમાં કાયોત્સર્ગધ્યાને રહેલા, શાંત એવા તેઓને કોઈ પાપાત્માએ હજારો ખીલાથી મઢેલ એવા લીલા(ભીના) ચામડાથી બાંધી પૃથ્વી ઉપર પછાડ્યા છતાં સમાધિ મરણને સાધ્યુ.

ગાથા-૮૭

મંખલી ગોશાળા વડે અરહંત મહાવીર પ્રભુના નિર્દોષ એવા શિષ્યો સુનક્ષત્ર અને સર્વાનુભૂતીને તેજોલેશ્યાથી બાળી નાંખ્યા, તે રીતે બળવા છતાં ઉત્તમાર્થને સાધ્યો. સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કર્યું.

ગાથા-૮૮, ૮૯

૮૮. ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો ક્ષપક સાધુ, જ્ઞ પરિજ્ઞાથી જાણી, જાવજ્જીવ માટે સર્વ આહારને સંઘ સમુદાયની મધ્યે ગુરુના આદેશથી સાગાર ત્યાગ કરે.

૮૯. અથવા સમાધિના હેતુથી તે પાનક આહાર કરે. પછીથી તે મુનિ ઉચિત કાળે પાનકને પણ વોસિરાવી દે.

ગાથા-૯૦, ૯૧

૯૦. શેષ લોકોને સંવેગ થાય તે રીતે ખમાવતા બોલે કે – પૂર્વે મન, વચન, કાયાથી મેં કરેલ, કરાવેલ કે અનુમોદેલ જે કંઈ અપરાધ છે, તેને માટે હું સર્વ સંઘને ખમાવું છું.

૯૧. બે હાથ મસ્તકે જોડીને ફરી કહે હે– શલ્ય રહિત થયેલો એવો હું આજે બધા અપરાધ પદોને ખમાવુ છું, માતા-પિતા સમાન બધા જીવો મન ક્ષમા કરો.

### ગાથા–૯૨

ધીરપુરુષોએ કહેલ, સત્પુરુષોએ આચરેલ અને કાયર આત્માઓ માટે અતિ દુષ્કર એવા સંથારાને શિલાતલે આરૂઢ થયેલ ધન્યાત્માઓ ઉત્તમ અર્થને સાધે છે.

### ગાથા–૯૩ થી ૯૮

૯૩. હે મુમુક્ષુ ! નરક અને તિર્યંચ ગતિમાં અથવા મનુષ્ય કે દેવપણે વસતા જે સુખ-દુઃખ પ્રાપ્ત થયા તેને અનન્ય મનથી ચિંતન કર.

૯૪. નરકને વિશે તે અસાતાની બહુલતાવાળી અને ઉપમારહિત વેદનાઓ શરીર નિમિત્તે ઘણા પ્રકારે અનંતીવાર ભોગવી.

૯૫.દેવપણા અને મનુષ્યપણામાં પારકાના દાસપણાને પામીને તે દુઃખ અને પરમકલેશકારી વેદના અનંત વાર અનુભવી છે.

૯૬. તિર્યંચગતિમાં પાર ન પામી શકાય તેવી મહાવેદનાઓ ઘણીવાર ભોગવી છે. એ રીતે જન્મ-મરણ રૂપ રેંટમાં અનંતીવાર ભમેલ છે.

૯૭. હે સુવિહિત ! અતીતકાળમાં, અનંતકાળ સુધી આગત-ગત અનંતીવેળા અનંત જન્મ-મરણોને અનુભવ્યા છે.

૯૮. મરણ સમાન ભય નથી. જન્મ સમાન કોઈ દુઃખ નથી. તેથી તું જન્મ-મરણરૂપ આતંકના હેતુ શરીરના મમત્ત્વને છેદી નાંખ.

### ગાથા–૯૯ થી ૧૦૧

૯૯. આ શરીર જીવથી અન્ય છે, જીવ શરીરથી અન્ય છે. એવી નિશ્ચય મતિથી દુઃખ અને કલેશના મૂળ ઉત્પાદન સમાન શરીરના મમત્વને છેદી નાંખ.

૧૦૦.તેથી જો ઉત્તમ સ્થાનને ઇચ્છતો હો તો હે સુવિહિત ! શરીર આદિ સંપૂર્ણ અભ્યંતર અને બાહ્ય મમત્વને છેદી નાંખ.

૧૦૧. જગત આધાર રૂપ સમસ્ત સંઘ મારા સઘળા અપરાધોને ખમો, હું પણ શુદ્ધ થઈને ગુણોના સંઘાતરૂપ સંઘને ખમાવું છું.

### ગાથા–૧૦૨ થી ૧૦૪

૧૦૨. આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણને મેં જે કોઈ કષાય કરાવેલ હોય, તેને હું ત્રિવિધ યોગે ખમાવુ છું.

૧૦૩. મસ્તકે અંજલિ કરીને પૂજ્ય એવા શ્રમણ સંઘને સર્વ અપરાધો માટે ખમાવીને, હું મસ્તકે બે હાથ જોડવારૂપ અંજલિ કરીને બધાને ખમાવું છું અને હું પણ સર્વને ખમું છું.

૧૦૪. ભાવથી ધર્મમાં સ્થાપિત ચિત્તવાળો હું સર્વ જીવરાશિને સર્વ અપરાધો માટે ખમાવીને, હું પણ બધાને ખમું છું.

### ગાથા–૧૦૫, ૧૦૬

૧૦૫. આ રીતે અતિચારોને ખમીને, અનુત્તર તપ-સમાધિએ આરૂઢ, ઘણા પ્રકારે બાધા કરનાર કર્મોને ખપાવતો વિચરે છે.

૧૦૬. અસંખ્યેય લાખ કોટિ ભવોની પરંપરા દ્વારા જે ગાઢ કર્મ બાંધેલ હોય, તે સર્વને સંથારે આરૂઢ થયેલો એક સમયમાં ખપાવે છે.

### ગાથા–૧૦૭ થી ૧૦૯

૧૦૭. આ અવસરે સંથારા આરૂઢ ક્ષપકને કદાચ વિઘ્નકારી વેદના ઉદયમાં આવે તો તેને શમાવવા માટે નિર્યામક આચાર્યમાં હિતશિક્ષા આપે છે.

૧૦૮. હે પુણ્ય પુરુષ ! આત્મામાં આરાધનાનો વિસ્તાર આરોપી પૂર્વકાલીન મુનિવરો, પર્વતના ભાગે પાદપોપગમ અનશન કરી કાયોત્સર્ગ–ધ્યાને રહેતા હતા..

૧૦૯. વળી અત્યંત ધૃતિ-સંતોષ ધારણ કરનારા, જિનકથિત આરાધના માર્ગે અનુત્તરપણે વિહરનારા સુકોશલ આદિ મહર્ષિ માફક ઉત્તમાર્થને સાધે. સમાધિપૂર્વક મરણને પ્રાપ્ત કરે છે.

### ગાથા–૧૧૦, ૧૧૧

૧૧૦. હે સુવુહુત ! ધીર અને સ્વસ્થ મનોવૃત્તિવાળા અણગારે જ્યારે સહાય કરનારા છે, ત્યારે સમાધિ ભાવને પામીને શું આ સંથારાની આરાધનાને પાર ન પામી શકાય ?

૧૧૧. કેમ કે જીવ એ શરીરથી અન્ય છે, શરીર એ જીવથી ભિન્ન છે, તેથી શરીરના મમત્વને છોડી દેનારા સુવિહિતો ધર્મના કારણે શરીરને પણ તજી દે છે.

### ગાથા–૧૧૨ થી ૧૧૪

૧૧૨. સંથારે આરૂઢ ક્ષપક પૂર્વકાલિન કર્મોદયથી ઉત્પન્ન વેદના સમભાવે સહીને કર્મ કલંકની વેલડીને મૂળથી હલાવી દે છે.

૧૧૩. અજ્ઞાની જે કર્મ ઘણા કોટિ વર્ષોથી ખપાવે છે, તેને જ્ઞાની, ત્રણ રીતે ગુપ્ત, શ્વાસમાત્રમાં ખપાવે છે.

૧૧૪. બહુ ભાવોના સંચિત આઠ પ્રકારના કર્મોને તે જ્ઞાની ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે.

### ગાથા–૧૧૫

આ પ્રમાણેના આલંબનથી સુવિહિતો ગુરુજન વડે પ્રશસ્ત સંથારે ધીરતાથી આરોહી, મરીને તે જ ભવે કે ત્રણ ભવમાં કર્મરજને ખપાવીને અવશ્ય સિદ્ધ થાય છે.

### ગાથા–૧૧૬, ૧૧૭

૧૧૬. ગુપ્તિ,સમિતિથી ગુણાઢ્ય, સંયમ-તપ-નિયમકરણથી કૃત મુગટ, સમ્યક્ જ્ઞાન-દર્શનત્રિરત્નથી મહાર્ઘ છે

૧૧૭. શ્રી સંઘરૂપ મુગટ દેવ-મનુષ્ય-અસુર સહિત લોકમાં દુર્લભતર છે, વિશુદ્ધ છે, સુવિશુદ્ધ છે.

### ગાથા–૧૧૮ થી ૧૨૦

ગ્રીષ્મમાં અગ્નિથી લાલચોળ લોખંડના તાવડા જેવી કાળી શિલામાં આરૂઢ થઈ હજારો કિરણોથી પ્રચંડ અને ઉગ્ર એવા સૂર્યના તાપથી બળવા છતાં કષાયાદિ લોકનો વિજય કરનાર, સદાકાળ ધ્યાનમાં ઉપયોગશીલ, અત્યંત સુવિશુદ્ધ જ્ઞાન-દર્શનરૂપ વિભૂતિથી યુક્ત, આરાધનામાં અર્પિત ચિત્ત, એવા સુવિહિત પુરુષે ઉત્તમ લેશ્યાના પરિણામપૂર્વક રાધાવેધ સમાન દુર્લભ, કેવલ સદશ, સમતાભાવથી પૂર્ણ, એવા ઉત્તમાર્થને અંગિકાર કરે છે.

### ગાથા–૧૨૧

એ પ્રમાણે અભિસ્તવેલ સંસ્તારક ગજેન્દ્ર સ્તંભારૂઢ સુશ્રમણ નરેન્દ્ર ચંદ્રને સદા સુખ પરંપરા આપો.

## સંસ્તારક–પ્રકીર્ણક સૂત્ર–૬નો
## મુનિ દીપરત્નસાગરેકરેલ અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| | મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૨૯

# સંસ્તારક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટઃ– (1) **www.jainelibrary.org** (2) **deepratnasagar.in**

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ **09825967397**